# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૯૫ • તા.૦૫ થી ૧૧ માર્ચ ૨૦૨૨



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





## ગ્લોબલ કચ્છ અભિયાનના ભાગરૂપે

# અરિખાણા ગામની જવાબદારી સંભાળતા પ્રવિણ હંસરાજભાઈ લોડાયા પરિવાર

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)


જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# બી પોઝિટીવ : હકારાત્મક વલણ અપનાવો

ઘણા વક્તાઓ, ચિંતકો અને સંતમહાત્માઓ શ્રોતાઓને તેમના પ્રવચનમાં હકારાત્મક વલણ ઘરાવવાની શીખ આપે છે. પોઝિટીવ વલણ સકારાત્મક વિચાર પ્રવાહ ઘરાવવાથી તેનું પરિણામ પણ પોઝિટિવ મળે છે. પોતાના માટે જ નહીં પણ અન્ય પ્રત્યે, સામે વાળાઓ માટે પણ હકારાત્મક વલણ રખવાથી બધું સારૂ થાય છે. જેટલો આપણો અભિગમ વિજ્ઞાનની કે મનની શક્તિઓ પર વિશ્વાસ ભર્યો હશે એ વિચારીને આપણા વલણ કે વિચારને કેળવી શું તો આપોઆપ આપણો અભિગમ પણ સકારાત્મક સાથે શુદ્ધ અને પારદર્શક ભર્યુ બનશે. એ પછી ગમે તેટલા દુઃખ, કષ્ટ આવશે આપણું વલણ સકારાત્મક હોવાથી તેનું દર્દ શોક કે આધાતનું વલણ આપણે ન અનુભવી શું. જેટલો અભિગમ કોઈ પરિસ્થિતિ લઈને હકારાત્મક હશે તેટલા આપણે આસાની અને કષ્ટ, યાતનાથી પીડાયા વગર, દુઃખ ભોગવવાની લાગણી વગર આપણે એનો આસાનીથી સામનો કરી શકીશું.

કોઈ આપણી પ્રત્યે નકારાત્મક લાગણી ઘરાવે, ટીકા ટિપ્પણી કરી લાગણી દુભાવે અથવા તો નિંદા-બદબોઈ કરી બીજાઓની સમક્ષ આપણી છબીને ઘૂંઘળી કરે. આપણું શું? એવું વલણ, એ વાતો તરફ ન જોવાના આપણા પ્રયત્નોથી તે વ્યક્તિ આખરે હતાશ થશે અને અંતે હારી આપણી તરફ આવવાની કોશિષ કરશે.

આપણા વિષે ખરાબ સાંભળી કોઈ વક્તા ભર્યા વાતાવરણથી આપણને જુએ તો 'કઈ નહીં આપણા વિષે સારૂ કે ખરાબ સાંભળ્યું તો છે ને ?' એવા ભાવ આપણને હળવો રાખશે. જેણે નકારાત્મકતા વાત પર ધ્યાન આપવા કરતાં હકારાત્મક વાત શોધી લીધી હશે. તે સહજતાપૂર્વક જીવન જીવી જશે. જેઓ નેગેટિવ વિચારનો બોજ મન અને મગજ પર લઈ રાખ્યો છે. તેઓ સતત તેની ચિંતા તાણમાં રમમાણ રહે છે અને અકળામણ અનુભવતા રહે છે. આમ મનોમસ્તિક પર નકારાત્મક વિચાર વલણ ઘૂમરયા કરતા હોવાથી તે કશે સુખ-શાંતિ અનુભવી શકતા નથી. આખો દિવસ એ જ વસ્તુ એજ દિશા કે દર્શન મળતું નથી. આમ ઘાંચીના બળદની જેમ નકારાત્મક સોચને પકડીને એ ગોળ ગોળ ઘૂમ્યા કરે છે. છતાં ક્યાં પહોંચી શકતા નથી. મંઝિલ હાંસિલ કરી શક્તું નથી. સામે વાળી વ્યક્તિ આપણને અશાંતિ આપે તે આપણે અશાંત થઈ આપણું જીવન અસ્તવ્યસ્ત કરી દઈએ શા માટે ? માટે યોગ્ય રીતે સમજી વિચારીને ચેન્જ લાવીને વલણ બદલાવીને હકારાત્મક, સકારાત્મક બનીએ એ જરૂરી છે. માટે જ બીપોઝિટીવ.

– જય જ્ઞાતિમૈયા

# ઘર સંસારનો આધાર સ્તંભ-સ્ત્રી



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

મહિલા, નારી, સ્ત્રી, વામા વનિતા. માનુની એક પાત્ર એક વ્યક્તિના અનેક નામ, અનેક રીતે ઓળખ છે. એ જમાના ગયા જ્યારે સંસાર વ્યવહારનો દોર પુરૂષો પર હતો. એ જમાનો પુરૂષ પ્રધાન હતો. તે સમય સાક્ષીઓને ઘરની અંદર રહેવાનું જીવવાનું હતું. ઘરની અંદર તે ધાર્યું કરી શકતી હતી. ઘરની રાણી કહેવાતી હતી. પુરૂષોના આધિપત્યમાં એને રહેવાનું હતું. પુરૂષને પૂચ્છીને પાણી પીવું પડતું હતું. શાસ્ત્રોમાં પણ કહેવાયું છે કે સ્ત્રીનું બચપણ પિતાના હાથમાં, યુવાની પતિના સંગાથમાં અને વૃધ્ધાવસ્થા પુત્રોને સહારે છે. આ રીતે પર આધારિત રહેનાર સ્ત્રીને હવે પાંખો આવી છે. તે મુક્ત ગગનમાં ખૂલ્લી રીતે વ્યોમ વિહાર કરી શકે છે. શિક્ષણ, વાણી, વિચારની આઝાદી તેને છે. સ્વતંત્ર અભિવ્યક્તિ તે કરી શકે છે. પોતાની રીતે જીવી શકે છે.

આ બદલાવ સમયનો છે, શિક્ષણને સમજણ પ્રસારનો છે. જેને લીધે તે મોકળાશ અનુભવે છે. શિક્ષણ કેળવણી થકી તેનામાં જાગૃતિ આવી છે. જેથી પોતાના હક, અધિકાર પ્રત્યે સજાગ થઈ છે. ખુલ્લી હવામાં શ્વાસ લઈ શકે છે જેને લીધે તેની હિંમત વધી છે, કલા, કૌશલ બહાર પ્રકટ કરવાની ભાવના મળી છે. શારીરિક કારણોસર તેને પુરૂષોની સરખામણીએ નબળી પડે છે. પુરૂષોના અત્યાચારનો શિકાર બને છે એ પુરૂષોની માનસિકતા, બદઈરાદા અને ખોટી સમજના કારણોથી છે. નહિં તો જે પોતાના જીવમાંથી જીવને જન્મ આપે છે, શારીરિક કષ્ટ શરીરના સૌષ્ઠવ ઓજસની કુરૂપતાને ભોગે સંતાનનો પ્રસવ કરે છે. એ એક કાર્યથી પ્રભુની તોલે બેસવા લાયક છે. સ્ત્રીનો મૂળભૂત સર્જનશીલ, કલ્પનાશીલ સ્વભાવ પુરૂષોના ઘરને, સંસાર બનાવે છે. ચાર દીવાલો ઘરને પરિવાર બનાવે છે.

આજે દરેકે દરેક ક્ષેત્રમાં મહિલાઓનો નોંધપાત્ર ફાળો રહ્યો છે અને સમય જતાં દિવસો દિવસ એ વધી રહ્યો છે. અગાઉ તેણે સહન કરેલા અન્યાય, જુલમને અપમાન છતાં તે સદાકાળથી શાંત રહી સહનશીલતાથી પુરૂષ જાત પ્રત્યે સમજણ અને સમાધાનથી ચાલી છે જીવી છે. ક્યારે બગાવત, બંડ કે સામનો કર્યો નથી. આજે આ પરિવર્તન તેના જીવનમાં સુખનો સૂરજ લાવ્યો છે.

ઉંમરના પ્રત્યેક તબક્કે તેની ભૂમિકા અલગ હોય છે તે છતાં તે દરેક પાત્રને પૂર્ણ ન્યાય આપી પોતાનું સ્થાન જમાવ્યું છે. માતા બનીને બાળકને જન્મ આપનારી, બહેન બનીને ભાઈની સંભાળ રાખનારી, દીકરી બનીને પિતાનું નામ રોશન કરનારી, કુળવધૂ બનીને શ્વસુર પરિવાર સંભાળ રાખનારી, પત્ની બનીને પતિનો સંગાથ સહારો બનનારી. એવી એક અદ્‌ભુત સ્ત્રી થઈ જીવનમાં અવતરનારીના ઉપકાર ઈન્સાન તો શું ભગવાન પણ ચૂકવી શકવા સમર્થ નથી. નારીના કાર્યને બિરદાવવા માટે માત્ર બે પંક્તિઓ બસ છે.

***તારી ઉતંગ ઉડાન આગળ, ગગન પણ વામન ભાસે***
***તારી વિશાળ પાંખો હેઠળ, આખું વિશ્વ તું વસાવે***


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# ગ્લોબલ કચ્છ અભિયાનના ભાગરૂપે અરિખાણા ગામની જવાબદારી સંભાળતા પ્રવિણભાઈ હંસરાજભાઈ લોડાયા પરિવાર





તા. ૨૧મી ફેબ્રુઆરીએ મુલુંડના કાલિદાસ સભાગૃહમાં ગ્લોબલ કચ્છના નેજા હેઠળ એક અભૂતપૂર્વ સભા યોજાઈ હતી. કચ્છના ગામેગામ અને વિવિધ સમાજોના કચ્છ તેમ જ મુંબઈ વસતા પ્રતિનિધિઓ તેમ અનેક રાજકીય અને સામાજિક નેતાઓ આ સભામાં ઉપસ્થિત હતા. આવતા ત્રણ વર્ષમાં ગ્રામ વિકાસ, વૃક્ષારોપણ, ગાયના ઘાસચારા માટે ગૌચર જમીનને પુનર્જીવિત કરવા જેવી ગ્રામવિકાસની યોજનાઓ વડે કચ્છને નંદનવન બનાવવાનો સંકલ્પ આ સભામાં કરવામાં આવ્યો હતો.

આ સંકલ્પનો શુભારંભ કરતા હોય તેમ મૂળ કચ્છ-અબડાસા તાલુકાના ગામ આરીખાણાના અને મુલુંડ (ઈસ્ટ)માં વસતા પ્રવિણભાઈ હંસરાજભાઈ લોડાયા પરિવારે આરીખાણા ગામના ગૌચરની ૧૦૦ એકર જેટલી હાલ જંગલ-બીડ થઇ ગયેલી જમીનને સ્વખર્ચે સાફ કરાવી, તેને નંદનવન જેવી બનાવીને ગાયોના ઘાસચારા માટે યોગ્ય બનાવવાની જાહેરાત કરી એટલું જ નહીં, શુભસ્ય શીઘ્રમ એ ન્યાયે તે સમયે કચ્છમાં હાજર શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન અનંતનાથ ટ્રસ્ટ, મુંબઈના પ્રમુખ નયનભાઈ ભેદાના શુભહસ્તે તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ ઉદઘાટન કરાવીને જાણે ગ્લોબલ કચ્છ મીટમાં લેવાયેલ સંકલ્પોને સાકાર કરવાનો શુભારંભ પણ કરી દીધો. માદરે વતનના પોતાના ગામથી શરૂઆત કરાવીને કચ્છના ઉત્કર્ષ માટેના શુભસંકલ્પોનું સત્વરે અમલીકરણ કરવા બદલ પ્રવિણભાઈ હંસરાજભાઈ લોડાયા પરિવારને શત શત અભિનંદન!

આ જ દિવસે એટલે કે ૨૮ ફેબ્રુઆરીના પ્રવીણભાઈ લોડાયા પરિવારે વધુ એક ઉમદા કાર્ય કર્યું. કચ્છના અબડાસા તાલુકાના અને ખાસ કરીને કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના લોકો અહીંની ભૂમિ પર જન્મેલા ભલારા દાદા પ્રત્યે અતૂટ






# ગ્લોબલ કચ્છ અભિયાનના ભાગરૂપે અરિખાણા ગામની જવાબદારી સંભાળતા પ્રવિણભાઈ હંસરાજભાઈ લોડાયા પરિવાર





શ્રદ્ધા ધરાવે છે. લોકસેવાના અનેક કાર્યો કરનાર ભલારાદાદાએ આરીખાણા ગામની સીમમાં જ્યારે બેસતા હતા ત્યારે તેમણે વટેમાર્ગુઓ પોતાની તરસ છીપાવી શકે તે માટે અહીં એક સેલોર (પગથીયાંવાળી વાવ) બનાવડાવી હતી. ભલારાદાદાના ભક્તો માટે આ સેલોર એક પવિત્ર શ્રધ્ધાનું સ્થાન છે. કાળક્રમે ભલારાદાદાની આ મૂળવાવ જીર્ણશીર્ણ થઇ ગઈ હતી તેમ જ તેના ઉપરના ૮થી ૧૦ પગથીયાંના પથ્થરો સ્થાનિક લોકો લઇ ગયા હતા. પ્રવીણભાઈ લોડાયા પરિવારે અનેક ભક્તોના શ્રધ્ધાસ્થાન સમી આ સેલોરનો જીર્ણોદ્ધાર આરીખાણા મહાજનની નિગારામાં આ વાવ ફેરી વ્યવસ્થિત કરી આપવાની બાંધેધરી આપી હતી. ૨૮મી ફેબ્રુઆરીના આ શુભકાર્યનો શુભારંભ પણ નયનભાઈ ભેદાના શુભહસ્તે થઇ ગયો.

આ અંગે વધુ માહિતી આપતાં પ્રવીણભાઈ લોડાયાએ જ્ઞાતિમૈયાને જણાવ્યું હતું કે, આરીખાણા ગામની સીમ સુધીની તમામ ગૌચાર જમીનમાંથી ગાંડા ભાવાળને કપાવી નાખીને તેને ગૌમાતા માટે ઘાસચારો ઉગે અને આ વિસ્તાર ફરી નંદનવન બને એવા સંકલ્પથી આ કામ હાથ ધર્યું છે. આ ઉપરાંત ભાલારાદાદાની મુળવાવનો જીર્ણોદ્ધાર કરાવી તેમાં ફરીથી પાણીની આવ ચાલુ કરાવી તેમ જ અહીં આસપાસના પંદરેક એકર જેટલા વિસ્તારમાં ઉગેલા જંગલને સાફ કરાવી, ત્યાં ઘટાદાર વૃક્ષારોપણ કરાવી ભલારાદાદાની મુળવાવને દર્શને આવતા ભાવિકો અહીં તરસ છીપાવીને કલાક-બેકલાક વિસામો લઇ શકે તેવી વ્યવસ્થા કરવાનો સંકલ્પ કર્યો છે જેનો શુભારંભ પણ નયનભાઈ ભેદાના શુભહસ્તે થઇ ગયો તેનો મને આનંદ અને સંતોષ છે.

આ કાર્યક્રમમાં આજુબાજુના ગામોના સરપંચો, સેવાભાવી સેવકો તેમજ અન્ય મહાનુભવો સાથે અંદાજિત ૨૦૦થી વધુ ગ્રામજનોની હાજરીમાં આ કાર્યક્રમની શુભ શરૂઆત થઈ હતી.





# Panache
Fashion Boutique

## BY PREETY KHONA
## 9769778736

20 years of Experience

***Ready made & Customized***
***Bride & groom attires***

- Wedding
- Reception
- Haldi
- Birthday Party
- DJ parties
- Sangeet
- Engagements
- Western Wears




***Foot wears for all, jewellery & accessories- wedding at home - all under one roof for all the special occasions.***

panache_fashionboutique

**Timings : 11 am to 9 pm**

**SUNDAYS CLOSED**

**Mulund-Mumbai**
**Gujarat**

# કદઓ મંડળ ડોંબિવલી દ્વારા ભૂમિરાજ કપ ૨૦૨૨નું આયોજન સંપન્ન

શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી દ્વારા તા.૨૭ ફેબ્રુઆરી રવિવારના રોજ ઈવાગ્લોબલ સ્કૂલ અંતરાણી હીરાનગર પલાવા ફેઝ-૨ની સામે પાઈપ લાઈન રોડ, બદલાપુર થીમ રોડ ડોંબિવલી (પૂર્વ) સ્થળે મેઘકુમાર નરશી દૌલત સુથરી રમતગમત યોજના અંતર્ગત સહુ પ્રથમવાર ડોંબિવલીના આંગણે ટર્ફ ક્રિકેટ ભૂમિરાજ કપ ૨૦૨૨નું આયોજન લાભાર્થી ભૂપેન્દ્રભાઈ દંડ, લાખાણીયા-નવી મુંબઈ તરફથી કરવામાં આવેલ. રસાકસી ભરી મેચો લાઈવ કોમેન્ટ્રી સાથે સૌએ ખેલદિલી પૂર્વક માણ્યું હતું. વિજેતા ટીમ રનર્સ અપ ટીમ તેમજ વિવિધ કેટેગરીના ખેલાડીઓને ઈનામ ટ્રોફીથી નવાજવામાં આવ્યા હતા.

૪.૨૪ કલાકનો મેચનું લાઈવ પ્રસારણ યુટ્યુબ લિન્ક https://youtu.be/H6umJtObVhw પર સૌ માણી શકશે.

# બીજાપુર નગરે શ્રેયસ્કારી કન્યા સંસ્કાર શિબિરનું આયોજન

સૌમ્ય સ્વભાવી, સંઘ કૌશલ્યા ધાર પ.પૂ.અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રીમદ કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા.ના પ્ર.શિષ્યા પ.પૂ.સાધ્વી ડૉ.હર્ષનિધિશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી શ્રેયસ્કારાશ્રીજી મ.સા.ની નિશ્રામાં કચ્છી ભવન, બીજાપુર-કર્ણાટકમાં તા.૮ મે થી તા.૧૭ મે ૨૦૨૨ દરમ્યાન Residental Workshop For Girls શ્રેયસ્કારી કન્યા સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉંમર ૧૨ થી ૨૭ વર્ષની દીકરીઓ ભાગ લઈ શકે છે. જેમાં પરિવારની દીકરીઓને જરૂરથી મોકલજો.

શિબિર એન્ટ્રી માટે ઓનલાઈન ફોર્મની લિન્ક https://forms.gle/x9xLccQ1XtigMdWD9 ઉપર ક્લિક કરી ફોર્મ ભરી મોકલવા પ્રત્યેક શિબિરાર્થીને રૂા.૧ હજાર ટિકીટના શ્રી કચ્છી જૈન સેવા સમાજ બીજાપુર તરફથી આપવામાં આવશે. ફોર્મ ભરી મોકલવાની તા.૩૧ માર્ચ ૨૦૨૨. શિબિરાર્થીએ તા.૭ મે ના વર્કશોપ માટે રીપોર્ટીંગ કરાવવા આવી જવું. વધુ વિગત માટે સંપર્ક પ્રફુલ્લભાઈ તેજશી ગોગરી-૯૩૪૧૬૧૦૯૫૫, રાજુભાઈ પ્રેમજી છેડા-૮૬૬૦૬૮૧૦૧૯.

# કચ્છ કોહિનૂર પ.પૂ.ગણિર્વ શ્રી કમલપ્રભસાગરજી મ.સા.નો સંભવિત વિહાર કાર્યક્રમ

ગુરૂ ગુણકૃપા પાત્ર કચ્છ કોહિનૂર પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા.નો સંભવિત વિહાર કાર્યક્રમ આ પ્રમાણે જાહેર થયેલ છે. તા.૬ માર્ચ રવિવાર માટુંગા, તા.૭ માર્ચ સોમવાર લોઅર પરેલ, તા.૮ અને ૯ માર્ચ મંગળવાર, બુધવાર વરણી, તા.૧૦ થી ૧૨ માર્ચ ગુરૂ, શુક્ર, શનિવાર વડાલા, તા.૧૩ થી ૧૫ માર્ચ રવિવાર, સોમવાર, મંગળવાર માટુંગા, તા.૧૬ અને ૧૭ માર્ચ બુધવાર અને ગુરૂવાર ચેમ્બુર, તા.૧૮ માર્ચ શુક્રવાર સર્વોદય નગર, તા.૧૯ માર્ચ શનિવાર અનંતછાયા ઘાટકોપર, તા.૨૦ માર્ચ રવિવાર જગડુશા નગર તથા તા.૨૧ માર્ચ સોમવાર તા.૨૬ માર્ચ શનિવાર ભાંડુપ. સંપર્ક : મહેશભાઈ-૮૫૫૧૦૧૯૩૬૫.

# લાલબાગથી મોતીશા જિનાલયની ચૈત્ય પરિપાટી યાત્રા પંચતીર્થી દર્શન સાથે સંપન્ન

તા.૨૭ ફેબ્રુઆરી રવિવારના ગણિવર્ય પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા., પ.પૂ.ગણિવર્યશ્રી ધર્મરત્નસાગરજી મ.સા.ની નિશ્રામાં લાલબાગથી મોતીશા જિનાલય, ભાયખલા સુધીના પંચતીર્થીના દર્શન સાથે ચૈત્ય પરિપાટી યાત્રા અદ્‌ભૂત ધર્મ ભાવ સાથે સંપન્ન થઈ. સૌ યાત્રાળુઓનું ૧૦૦-૧૦૦ રૂા.નું સંઘ પૂજન થયું ૯૦ થી વધારે ભાવિકજનો નવકારશીનો લાભ લીધો હતો. મજગાંવમાં ગુરૂદેવને ૯.૩૦ થી ૧૨.૩૦ સુધી નવકાર જાપમાં નિશ્રા દીધી. પૂજ્યશ્રીનો ગુરૂપૂજનનો લાભ ભીંસરાના શાહ પરિવાર ભાયખલાવાલાએ લીધો હતો. મજગાંવના કચ્છી સંઘએ પૂજ્યશ્રીને સંયમ ઉપકરણ વહોરાવ્યા. ગુરૂજી અમારો આંતર્નાદ અમને આપો ચાર્તુમાસની વિનંતી સંઘ શ્રાવકો દ્વારા થઈ. રાત્રિ પ્રવચનમાં લોકોએ અદ્‌ભૂત પૂર્વ ઉત્સાહ દર્શાવ્યો હતો. મજગાંવ સંઘની નવનિર્મિત ઉપાશ્રયને માટે યુવામુનિ ઓજસ્વી પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.એ માર્ગદર્શન કર્યું. મજગાંવના કચ્છી સમાજના ૧૮૦ ઘરોએ દિવસભર શાનદાર ભક્તિ કરી હતી.

# સંજીવની કેસ નં.૬૬ માટે ૧૨.૬૫ લાખ મદદ જરૂરિયાત વહેલી તકે પૂરો કરવાનો છે પડકાર




રાપર, ડોંબિવલીના ઉત્તમ જી.ધુલ્લા ઉ.વ.૫૯ છેલ્લાં ૧૯ વર્ષથી પાર્કિન્સનથી પીડિત છે. જેને કારણ હાલવા ચાલવા, બોલવા, જમવા અને રોજીંદા કાર્ય માટે દરેક વખતે પર આધારિત રહેવું પડે છે. શરીરના અંગો પર તેમનું કેન્ટ્રોલ રેહતું નથી. ગ્લોબલ હોસ્પિટલ અને બીજા સ્પેશ્યિલિસ્ટની ભલામણ Deep Brain stimulation સર્જરી એકમાત્ર ઈલાજ છે. જેના પછી તેઓની તબિયતમાં સુધારો થઈ શકશે.

ઉત્તમભાઈ ધુલ્લા પત્ની અને અભ્યાસ કરતો પુત્ર તથા એકમાત્ર કમાવનાર પુત્રી સાથે રહે છે. ૧૫ હજાર માસિક આવકમાંથી પરિવારનો ગુજારો થઈ રહે એટલે છે. તેમની બચત કે વીમાનો કોઈ સપોર્ટ નથી. મોટી અને જટિલ બ્રેઈન સર્જરી અને સારવારનો અંદજિત ખર્ચ રૂા.૧૨.૬૫ લાખ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે અરજી મૂકી છે. વર્ષો જૂની બીમારીને કારણે કષ્ટ ભોગવતા બીજા પર આધારિત જીવનની આ કપરી બીમારીથી વહેલી તકે છૂટકારો મળે એ કાજે ધુલ્લા પરિવારની મદદ કરવી આપણી ફરજ બની રહે છે. સંજીવનીના અત્યાર સુધીના દરેકની જરૂરિયાત સરળતાથી ઉકેલાઈ છે. તેથી વિશ્વાસ છે કે આ કેસ માટેની સહાય જ્ઞાતિના ઉદારદિલ દાતાઓની માનવતાથી ઉત્તમભાઈ ધુલ્લા, સફળ સારવાર ઈલાજ મેળવી વહેલી તકે ઘરે પરત જશે. સંજીવની પેટ્રોન દાતાઓને સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ નીશિથ દંડએ ઓડિયો મેસેજ દ્વારા આ કેસ માટે ઉદારતાપૂર્વક અભિગમ દર્શાવવા અપીલ કરી છે.

# બહુઆયામી વ્યક્તિત્વ ધરાવતાં ડો. યામિની દંડના વતનપ્રેમને અમૂર્ત (Abstract) સ્વરૂપે વૈશ્વિક સ્તરે લઈ જતાં અંગ્રેજી કાવ્યોનો સંગ્રહ 'એબ્સટ્રેક્ટ ઓરાલિઝમ'





ફક્ત મુલુંડ, મુંબઈ કે કચ્છ-ગુજરાત-મહારાષ્ટ્રનાં જ નહીં પણ સમસ્ત ભારતના અણમોલ રત્ન કહેવા પડે એવા વિદુષી ડો. યામિની દંડએ પોતાના વતન કચ્છ પ્રત્યેના અઢળક પ્રેમને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસા પામેલા તેમના પ્રથમ અંગ્રેજી કાવ્ય સંગ્રહ 'એબ્સટ્રેક્ટ ઓરાલિઝમ'માં વૈશ્વિક સ્તરે પહોંચાડ્યો છે. ડો. યામિનીએ જ્ઞાતિમૈયાના એડિટર શાંતિલાલ નાકરને આપેલી વિશેષ મુલાકાતમાં આ કાવ્યસંગ્રહ અંગે તો જાણશું જ પરંતુ તે પહેલાં તેમના બહુઆયામી વ્યક્તિત્વનો પરિચય મેળવીએ.

ડો. યામિનીની શૈક્ષણિક કારકિર્દી જોઈએ તો તેમણે ૨૦૦૪માં સુલોચનાદેવી સિંઘાનિયા હાઈસ્કૂલમાં ડિસ્ટિંકશન સાથે માધ્યમિક શિક્ષણ લીધા બાદ ૨૦૦૯માં રામનારાયણ રૂઈયા કોલેજમાંથી અંગેજી સાહિત્ય સાથે પ્રથમ વર્ગમાં બી.એ.ની ડિગ્રી અને ૨૦૧૧માં મુંબઈ યુનિવર્સીટીમાંથી પ્રથમ વર્ગમાં એમ.એ.ની ડિગ્રી મેળવી. ત્યારબાદ મુંબઈ યુનિવર્સીટીમાંથી ૨૦૧૭માં અંગ્રેજી સાહિત્ય વિષયમાં પીએચ.ડી.ની ડિગ્રી મેળવી અને જર્મનીની ટ્યુબિન્જન યુનિવર્સીટીમાંથી પોસ્ટ-ડોક્ટરલ રિસર્ચ કર્યું છે. એકેડેમિક શિક્ષણ ઉપરાંત તેમણે પ્રતિષ્ઠિત યુનિવર્સીટી અને સંસ્થાઓમાંથી સર્ટીફિકેટ કોર્સ ઇન સંસ્કૃત, સર્ટીફિકેટ કોર્સ ઇન જૈનોલોજી, ડિપ્લોમા ઇન એઈસ્થેટીક્સ, સર્ટીફિકેટ કોર્સ ઇન આર્ટ ક્રિટીસિઝમ, સર્ટીફિકેટ કોર્સ ઇન ફોનેટિક્સ, ડીપ્લોમા ઇન ઇવેન્ટ મેનેજમેન્ટ, સર્ટીફિકેટ કોર્સ ઇન અનાઉન્સિંગ, બ્રોડકાસ્ટિંગ, કોમ્પીયરિંગ એન્ડ ડબિંગ જેવા કોર્સ કરીને તેમના વ્યક્તિત્વને બહુઆયામી બનાવ્યું છે.

તેમના લોકસંસ્કૃતિ, લોકકળા, શહેરોમાં સાંસ્કૃતિક બદલાવ જેવા અનેક વિષય પરના રીસર્ચ પેપર્સ અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલ્સમાં પ્રકાશિત થયાં છે. તેમના ઈન્ટરવ્યુ ટાઈમ્સ ઓફ ઇન્ડિયા, ચિત્રલેખા, દિવ્ય ભાસ્કર સહિત અનેક પ્રતિષ્ઠિત સામયિકોમાં છપાયાં છે તેમ જ ઓલ ઇન્ડિયા રેડિયો પરથી પ્રસારિત થયા છે.

હાલમાં તેઓ મુંબઈ યુનિવર્સીટીમાં ગ્રેજ્યુએટ અને પોસ્ટ-ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી સાહિત્યના વિઝીટિંગ ફેકલ્ટી છે. યુએનએફપીએ અને નોર્વેજિયન એમ્બેસીના સહયોગથી અપાતા લાડલી મીડિયા એન્ડ એડવરટાઈઝિંગ એવોર્ડઝના જ્યુરી તરીકે સેવા આપી રહ્યા છે. મુંબઈમાં યોજાતા કાલા ઘોડા આર્ટસ ફેસ્ટીવલના કો-ક્યુરેટર અને કોર ટીમના સભ્ય છે. રૂઈયા કોલેજની એડવાઈઝરી કાઉન્સિલના મેમ્બર ઉપરાંત અનેક પ્રતિષ્ઠિત પ્રકાશનો તેમ જ સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા છે.

ડો. યામિનીએ ઉજ્જવળ કારકિર્દીમાં અનેક એવોર્ડ મેળવ્યા છે જે સર્વનો ઉલ્લેખ અહીં જગ્યાના અભાવે શક્ય નથી પરંતુ તેમાં સૌથી શિરમોર એવા ૨૦૦૩માં ત્યારના રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામના હસ્તે અપાયેલા 'પ્રેસિડેન્ટસ એવોર્ડ ફોર બેસ્ટ ગાઈડ એટ નેશનલ લેવલ ફોર સર્વિસ ટુ હ્યુમેનિટી'નો ઉલ્લેખ તો કરવો જ રહ્યો શાળામાં મોસ્ટ ટેલેન્ટેડ સ્ટુડન્ટ અને રુઈયા કોલેજમાં બેસ્ટ જનરલ સેક્રેટરી ઘોષિત કરાયા હોવા ઉપરાંત તેમને રાજ્ય-સ્તરે ખો-ખો, જિલ્લા-સ્તરે બાસ્કેટબોલ, એથલેટીક્સ ચેમ્પિયન અને પર્વતારોહણમાં પ્રતિનિધિત્વ કર્યું છે. છત્તીસગઢના સ્ટેટ આર્ટ મ્યુઝિયમમાંથી મધુબની પેઈન્ટીંગ અને બેલ-મેટલ કાસ્ટિંગની ટ્રેઈનિંગ લીધી છે. છેલ્લા ૨૫થી વધુ વર્ષોથી રોટરી ફાઉન્ડેશન સાથે જોડાઈને માનવસેવાના

# બહુઆયામી વ્યક્તિત્વ ધરાવતાં ડો. યામિની દંડના વતનપ્રેમને અમૂર્ત (Abstract) સ્વરૂપે વૈશ્વિક સ્તરે લઈ જતાં અંગ્રેજી કાવ્યોનો સંગ્રહ 'એબ્સટ્રેકટ ઓરાલિઝમ'





કાર્યો કરી રહ્યાં છે. હવે પ્રસ્તુત છે તાજેતરમાં જ પ્રકાશિત થયેલા તેમના કાવ્યસંગ્રહ 'એબ્સટ્રેકટ ઓરાલિઝમ' અંગે ગુર્જરમાતને આપેલી મુલાકાતના રસપ્રદ અંશઃ

**જ્ઞાતિમૈયા : આપ આપના કાવ્યસંગ્રહ 'એબ્સટ્રેકટ ઓરાલિઝમ'નો અર્થ સરળ ભાષામાં સમજાવશો?**

**યામિની :** હું એક એવા સિધ્ધાંતને વિકસાવી રહી છું જેમાં અવિકસિત પ્રદેશોના લોકો સત્તાધીશોને તેમની વાત સમજાવવાની કોશિષ કરી રહ્યા છે. અમૂર્ત કળાના ઈતિહાસમાંથી અમૂર્ત શબ્દ આવ્યો છે અને ઓરાલિઝમ એટલે શ્રવણ દિવ્યાંગ લોકોની ઇશારાની ભાષા જેનો અવાજ સત્તાધીશ લોકો સાંભળી શકતા નથી. એબ્સ્ટ્રેકટ અને ઓરાલિઝમ એક બીજાના વિરોધાર્થી છે જે પોતાને વ્યક્ત કરતા નથી. એમાં કળા, અભિવ્યક્તિ, ભાષા, આધુનિકતાનો વિરોધ, પ્રાચીન શિક્ષણ વ્યવસ્થા, ભ્રમણાઓ અને અર્થઘટનોના પરિમાણો તેમ જ અન્ય આયામો છે જે કચ્છની મહિલાઓ કેવી રીતે પોતાના આર્ટવર્ક દ્વારા અમૂર્ત રીતે બોલીને વ્યક્ત કરે છે. આ ઉપરાંત 'એબ્સટ્રેકટ ઓરાલિઝમ'ના અનંત અર્થઘટનો વાચકો પોતે પોતાના વતન કચ્છને શી રીતે જુએ છે તે પ્રમાણે કરી શકે છે.

**જ્ઞાતિમૈયા : આ કાવ્યો લખવા પાછળનો આપનો મુખ્ય પ્રેરણાસ્રોત કોણ છે?**

**યામિની :** આ કાવ્ય સંગ્રહના અંતિમ કાવ્ય 'એબ્સટ્રેકટ ઓરાલિઝમ'માં મેં મારા પ્રેરણાસ્રોત અંગે જણાવ્યું છે. મારું વતનઃ કચ્છ, મારી માતૃભાષાઃ કચ્છી, તેની અમાપ સુંદરતા અને અનંત સંઘર્ષોને આત્મસાત કરીને મેં વાચકોને તેનો આસ્વાદ કરવા આમંત્રણ આપ્યું છે. જ્યારે પ્રશ્ન પોતાના વતન માટે કંઇક કરવાનો હોય ત્યારે તમે તે અન્ય કોઈ કરે તેની રાહ જોશો કે તમે પોતે જ આગળ આવીને કરશો?

**જ્ઞાતિમૈયા : આ કાવ્યસંગ્રહમાં તમે ખૂબ વિસ્તારપૂર્વક અને સુંદર રીતે કચ્છના વિવિધ ભૌગોલિક પ્રદેશોનું વર્ણન કર્યું છે. શું આપે પ્રત્યક્ષ એ સ્થળોની મુલાકાત લીધી હતી કે તે એક કવિયત્રીની કલ્પના છે?**

**યામિની :** મેં કચ્છ ઉપર સાત વર્ષ સુધી સંશોધન કર્યું છે. હું પોતે કચ્છના દરેક અંતરિયાળ સ્થળે જાતે ગઈ છું, મેં વિવિધ સમાજોના લોકો સાથે, વિવિધ વ્યવસાયો કરતા લોકો સાથે, ગવર્નમેન્ટ અને નોન-ગવર્નમેન્ટ અધિકારીઓ સાથે સંવાદ સાધ્યો છે. શક્ય એટલી દરેકેદરેક લાયબ્રેરી, મ્યુઝિયમ અને સ્થળ/લોકોની મુલાકાત લીધી છે. દરેકેદરેક મિનીટની વિગત લોકો અને પર્યાવરણના જીવંત અનુભવમાંથી લીધેલી છે. અમુક ભાગ કલ્પના પર આધારિત છે જેની પ્રેરણા મને કચ્છની કઠોર વાસ્તવિકતામાંથી મળી છે. મેં ઓલ ઇન્ડિયા રેડિયો (ભુજ)ને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે કચ્છથી પાછા આવીને આપણા 'વતન'ના લોકોના અવાજો અને તેમના સંઘર્ષો અને પરિસ્થિતિને અનુકૂળ થવાની તેમની ક્ષમતાથી ભરેલો 'વિરહ' એ જ આ કાવ્યસંગ્રહનો મધ્યવર્તી વિચાર છે.

**જ્ઞાતિમૈયા : 'એબ્સટ્રેકટ ઓરાલિઝમ'ના કાવ્યો કચ્છની ભૌગોલિક, સાંસ્કૃતિક વિવિધતાને વૈશ્વિક સ્તરે શી રીતે લઈ જાય છે?**

**યામિની :** 'એબ્સટ્રેકટ ઓરાલિઝમ' કાવ્ય સંગ્રહની કવિતાઓ અલગ અલગ રીતે વિશ્વના બાવીસ દેશોના પ્રતિષ્ઠિત

# બહુઆયામી વ્યક્તિત્વ ધરાવતાં ડો. યામિની દંડના વતનપ્રેમને અમૂર્ત (Abstract) સ્વરૂપે વૈશ્વિક સ્તરે લઈ જતાં અંગ્રેજી કાવ્યોનો સંગ્રહ 'એબ્સટ્રેકટ ઓરાલિઝમ'






જર્નલ્સમાં પ્રકાશિત થતી રહી છે. તુર્કી અને રોમાનિયા જેવા દેશોમાં એમના ભાષાંતર પણ થવાના છે. આમાં કચ્છની ભૌગોલિક વિવિધતા અને અહીંના લોકોની સંસ્કૃતિ, કળા, સંઘર્ષો અને સાહસને આ કાવ્યોએ વૈશ્વિક સ્તર પર પહોંચાડ્યા છે તેનો મને આનંદ અને સંતોષ છે.

**જ્ઞાતિમૈયા : કચ્છની વિવિધતાનું વર્ણન અમૂર્ત (Abstract) કાવ્યોના સ્વરૂપે શા માટે?**

**યામિની :** મેં કચ્છના ઈતિહાસ અંગે લીધેલા લોકોના મૌખિક ઈન્ટરવ્યુ દર્શાવતા હતા કે કચ્છ અંગેના તથ્યોને પ્રમાણિત કરી શકાય તેમ નહોતા અને તેમને દંતકથારૂપે જાળવીને કચ્છને એક આભાસી અને મૃગજળ સમાન પ્રદેશ બનાવતા હતા. મારા સંશોધનને અંતે મારા તારણો લખવાનું શરૂ કર્યું ત્યારે કુદરતી રીતે તે કાવ્યોના સ્વરૂપે લખાવા લાગ્યાં. આ મારું પ્રથમ પુસ્તક છે અને હવે મારા બીજા પુસ્તક ઉપર કામ કરી રહી છું જે એબ્સટ્રેકટ ઓરાલિઝમના ઊંડાણમાં જઈને તેને એક સિધ્ધાંત તરીકે વિકસાવશે.

**જ્ઞાતિમૈયા : આ કાવ્યસંગ્રહના કાવ્યો અંગ્રેજીમાં લખવાનું કારણ?**

**યામિની :** અંગ્રેજી એ વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષા છે. તેથી કચ્છની વિવિધતા, તેની જીવંતતા, વિશેષતા અને લવચિકતાને લોકોના વિશાલ વર્ગ સુધી પહોંચાડવી હોય તો એ એક એવી ભાષામાં હોવી જોઈએ જેને લોકોનો વિશાળ વર્ગ બોલતો અને સમજતો હોય. તે છતાં આ કાવ્યોમાં મેં ઘણા કચ્છી ઉપરાંત સિંધી, ઉર્દુ, હિન્દી અને ગુજરાતી શબ્દોનો પ્રયોગ કર્યો છે અને દરેક વિભાગમાં આપેલી ગ્લોસરી દ્વારા એ વાતનું ધ્યાન રાખ્યું છે કે વાચકોને એ શબ્દોનું પૂર્વ-જ્ઞાન હોય. હું અંગ્રેજી સાહિત્યમાં પીએચ.ડી.ની ડિગ્રી ધરાવું છું અને આ પુસ્તક દ્વારા મારી માતૃભાષાને દુનિયાની સૌથી વધુ આદરપાત્ર ભાષાની સમકક્ષ મૂકવાની તક મળી છે.

**જ્ઞાતિમૈયા : આપના સમકાલીન યુવા કવિઓ માટે આપનો શો સંદેશ છે?**

**યામિની :** તમારા મૂળિયાં, સ્વદેશી સંસ્કૃતિ અને ભાષા અંગે ગર્વ અનુભવો અને તેમને પુનર્જીવિત કરવા તેમ જ તમનું મુલ્ય સંવર્ધન કરાવજો કાંઈ થઇ શકે તે કરો. પશ્ચિમના દેશોમાંથી પ્રેરણા ન લો અને તમારી માતૃભૂમિ માટે કામગીરી કરો. આ કરવા માટે લખાયેલા શબ્દો એ સૌથી સશક્ત સાધન છે, માટે કલમ ઉઠાવો અને લખવાનું શરૂ કરો.

**જ્ઞાતિમૈયા : આપના કાવ્યસંગ્રહ 'એબ્સટ્રેકટ ઓરાલિઝમ'ની સાહિત્ય જગતના દિગ્ગજોએ ખૂબ પ્રશંસા કરી છે. હવે ભવિષ્ય માટે આપની શી યોજનાઓ છે?**

**યામિની :** આ વાતની નોંધ લેવા અને કહેવા બદલ ખૂબ ખૂબ આભાર. હાલ તુરંત તો હું કચ્છ સંબંધી એબ્સટ્રેકટ ઓરાલિઝમની જટિલતા અંગેના સિધ્ધાંતને પ્રતિપાદિત કરતા મારા પોસ્ટ-ડોક્ટરલ સંશોધન ઉપર લક્ષ કેન્દ્રિત કરવા માગું છું. ત્યાર બાદ હું મારા જીવનનો સંપૂર્ણ સમય કચ્છ અંગે સંશોધન કરવા માગું છું કચ્છમાં અનેક વર્ષોથી વસતા અને કામ કરતા વડીલો પાસેથી મારા વતન અંગેની અનોખી વાતો સાંભળીને મને ખૂબ આનંદ થશે ત્યારબાદ કચ્છના સર્વ પાસાંઓ અંગે લખવાનું મને ગમશે.

# રાઈટ મેચ ગેટ ટુ ગેધર સગપણ સેતુ ટીમ દ્વારા લોનાવાલામાં ત્રણ દિવસીય આયોજન




શ્રી કદઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ ટીમ દ્વારા રાઈટ મેચ ગોતવા તા.૧૮ માર્ચથી ૨૦ માર્ચ સેરેનિટી રિસોર્ટ લોનાવાલા મધ્યે મૈત્રી અને સંપર્ક, પરિચય અને પરિણય તરફ જવા માટે રાઈટ મેચ શોધવાની આ તક છે. સાથે હોળી વિક એન્ડ ઉજવવાનો આનંદ મોજ મસ્તીની ધમાલ તો ખરી જ માત્ર રૂા.૧૫૫૦/- વ્યક્તિ દીઠ. રજિસ્ટ્રેશન ૧૦ માર્ચ સુધી.

રજિસ્ટ્રેશન અને વધુ વિગત માટે અલકા ભેદા-૯૮૨૧૧૭૯૭૯૬, જિનાલી લોડાયા-૯૮૯૨૧૮૯૦૮૫ તથા મનિષા લાલકા-૯૮૨૦૫૪૧૭૩૪.

# પ.પૂ.સાધ્વીશ્રી હર્ષવંદનાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૩૫ વર્ષમાં પ્રવેશ



મહા વદ ૧૨ વિક્રમ સંવત ૨૦૪૪ની તિથિ દિને સુથરીના માવિત્ર રાજબાઈ નરશી જેઠાલાલ છેડાના દુલારા પુત્રી સંયમ જીવન પથે વિચરવા સંકલ્પ કરી દંતાણી તીર્થે અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા સ્વીકારી. ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી હર્ષવંદનાશ્રીજી મ.સા. મળ્યું.

રવિવાર, તા.૨૭ ફેબ્રુઆરી મહા વદ ૧૨ વિક્રમ સંવત ૨૦૭૮ના દિને સફળતા ભર્યા સંયમ જીવનના ૩૪ વર્ષ પરિપૂર્ણ કરી પાંત્રીસમા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો સાહેબનું સંયમ જીવનનો પ્રવાસ અવિરત આગળ વધતો સુવર્ણ, હીરક અને શતક શિખર આંબતું સુખ શાતા પૂર્વક રહે એ મંગલકામના, ભાવના સહ વંદના.

# કલવા નગરે જિનવાણી શ્રવણ, સમૂહ સામયિક, અનુષ્ઠાન ઉમંગભેર સંપન્ન





મુંબઈ પડોશના થાણા નગર પરિસરના કલવા નગર સંઘમાં આનંદ છાયો કલવા નગરજનોને ગુરૂદેવનો સંગ, આરાધનાનો છાયો ઉછરંગ. પ.પૂ.સાધ્વી પ્રવર્તની શ્રી અરૂણોદયશ્રીજી મ.સા.ના પરમ શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા. તથા સાધ્વી મુખ્યા પ.પૂ.શ્રી નિરંજનાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી નીતિગુણાશ્રીજી મ.સાની નિશ્રામાં જિનવાણી, શ્રવણ, સમૂહ સામાયિક, નાઈટ ટોક તથા અનુષ્ઠાનમાં સૌ ઉત્સાહ, આનંદ અને ઉમંગ સાથે ઝૂમી ઉઠ્યાં.

# વ્યક્તિનો વિકાસ જ્ઞાતિની સમૃધ્ધિ રોશની પુનિત નાગડા

સમસ્ત મહાજનની મીડિયા પ્રસાર સમિતિ દ્વારા બી ટુ બી સમિતિના સહયોગથી જે નવો પ્રકલ્પ માંડ્યો છે. જેમાં આપબળે ખંત, ખમીર અને સાહસથી પોતાનો વ્યવસાય કારકિર્દી જમાવી છે. હુન્નરને બહાર લાવી વિકાસ કર્યો છે એવા જ્ઞાતિના હીરલા અને વીરલાઓની વાત અત્રે માંડી એ છીએ. આ વખતે નલિયા-ડોંબિવલીના રોશની પુનિત નાગડાના સંઘર્ષ સમય અને સિધ્ધિ શિખરે પહોંચવાની સફર જાણીએ.

તેઓ મેકઅપ આર્ટિસ્ટ છે. તેમને નાનપણથી અજવા ધજવાનો શોખ રહ્યો. તૈયાર થઈને મહાલવું તેમને ગમતું પરણ્યા બાદ પતિની મંજૂરી બાદ ૬ વર્ષ પછી મેકઅપ, હેરસ્ટાઈલનો કોર્સ શરૂ કરી પ્રેકટિસ માટે ટ્યુટર પાસે જ કામ કર્યું. ૧ વર્ષ પછીના અનુભવ બાદ પર્સનલ ઓર્ડર લેવાનું પ્રારંભ કર્યો.

મેકઅપની કલા શિખવાડનાર ગુરૂની કળાને એ રીતે આત્મસાત કરી કે ક્યારે પાછા વળીને જોવું પડ્યું નથી. એકવાર સજવા ધજવા આવતા કલાયન્ટો બીજાને નામ સજકેટ કરે જે મૌખિક પ્રસિધ્ધિ તૈયાર થવાના ફોટા જોઈ તેમની પાસે ગ્રાહકો આવતા થયા અને દિવસો દિવસ વધતા જતાં રહ્યાં તેઓ જેને મેકઅપ કરી તૈયાર કરતા તેમની પરવાનગી લઈ તેમના સજીધજીને તૈયાર થયેલ ફોટા સોશ્યલ મીડિયા પર અપલોડ કરતાં તેમને બહોળી પ્રસિધ્ધિ મળી તે ફોટા જોઈને ઓર્ડર માટે ફોન આવતા ગયા.



રોશની પુનિત નાગડા

એક વખત એક આન્ટી તેમની પાસે હેરસ્ટાઈલ કરાવવા આવ્યા. લગ્નપ્રસંગમાં જવું હતું. પણ મેકઅપ ન કરાવ્યું માત્ર હેરસ્ટાઈલ કરાવી. વાતો વાતોમાં જાણ્યું કે તેમના પતિ અને પુત્ર તેઓ મેકઅપ કરતાં તે તેમને પસંદ ન પડતું માટે એકઅપ કરાવવાની સદંતર મનાઈ કરી હતી. પણ તેમણે આન્ટીને એક ચાન્સ આપવા કહ્યું ને તૈયાર કરવાનો કોઈ ચાર્જ નહીં લઉ ત્યારે માંડ મેકઅપ કરાવ્યો. પછી જ્યારે તેમના પિતા પુત્રનો શું અભિપ્રાય મળ્યો તે વિષયે પુછ્યું. ત્યારે તેઓ બંન્નેએ કોઈ નેગેટિવ કોમેન્ટ ન કરી હોવાનું કહ્યું. આમ લગ્નપ્રસંગના દરેક વખતે તેમણે મેકઅપ કરાવ્યું અને ખુશ થયાં કે થેન્કસ કહેવા રૂબરૂ ફરી આવ્યાં. આમ ઉંમર, ચહેરાનો આકાર, હાવભાવ, બઢણને સમજીને જો મેકઅપ કરાય તો સૌને પસંદ આવે એ શીખ મળી અને વિકસી. આ રીતે દરેક ગ્રાહકનો ચહેરો, તેની, હેરસ્ટાઈલ બખૂબીથી હીરાની જેમ પાલિશ કરી ચમકાવવાની સજ્જતા મળી. આ અથાગ મહેનતનું પરિણામથી વ્યવસાયમાં વધારો થતો ગયો.

કોઈપણ વ્યવસાય પરિવારના સાથ વિના શક્ય નથી. તેમના કામમાં ડગલેને પગલે પરિવાનો સાથ મળ્યો એટલે તેમાં આગળ પ્રગતિ થઈ. કોરોનાના કપરાકાળમાં પતિની નોકરી ચાલી ગઈ. લોકડાઉનના કારણે શુભપ્રસંગો બંધ થઈ ગયા એટલે તેમનું કામ પણ બંધ જેવું હતું. લગભગ નવ માસ સુધી આ બંન્ને જણ ઘરે નવરાં બેઠા રહ્યાં. માસિક આવક શુન્ય હતી. પતિ એક શેઠ પાસે ૧૩ વર્ષ કામ કર્યું પણ તેમને જોબમાંથી કાઢ્યું એટલું જ નહીં એક રૂપિયા સુધ્ધા આપવાની માનવતા ન બતાવી. આ બધા કપરા સંજોગો વટાવી જેમ તેમ ઘર ચલાવ્યું. લોકડાઉન હળવું થયાં પછી પતિને નવી નોકરી મળી. પગાર ઓછો જે ઘર ભાડા, લાઈટ બીલમાં પૂરા થઈ જાય. પણ પ્રભુની કૃપાથી નાના પાયે લગ્નો શરૂ થયા એટલે ફરી મેકઅપ તૈયાર થવાના ઓર્ડર મળવાના ચાલુ થયા, તે પણ નાના ઓર્ડર, આમ છતાં થોડી હિંમત આવી કે ચાલો હવે કપરા દિવસો પૂરા થયા.

આ કામ શીખ્યું એટલે વિકટ પરિસ્થિતિમાં કામ આવ્યું પરિવાર ચલાવવામાં ટેકો મળ્યો જો આ કળા શીખી ન હોત તો આજે પણ ઘર ચલાવવા માટે પણ સાંસા પડત એ વિચારીને કંપારી છુટી જાય છે. શીખેલું ક્યારે વ્યર્થ જતું નથી એ કાયમનો બોધ પાઠ મળ્યો.

# વ્યક્તિનો વિકાસ જ્ઞાતિની સમૃધ્ધિ રોશની પુનિત નાગડા

તેમની સફળતા પાછળ પરિવારનો ખાસ કરીને પતિનું પીઠબળ મળ્યું એ છે. લોકો કહે છે પતિની સફળતા પાછળ પત્નીનો હાથ હોય છે પણ એમના કિસ્સામાં તેઓ પતિને સફળતાના સહભાગી માને છે. જો આવક થાય તો કોઈની પાસે હાથ ફેલાવવાનો વખત ન આવે. હાથમાં આવકના રૂપિયા મળે તો અન્ય શોખ જરૂરિયાત પૂરી થાય. કોઈ આસ્મકિ ખર્ચ્ચનો બનાવ આવે તો હાથ સંકળામણ ન કરવો પડે. પતિને પણ ટેન્શન આપવા વગર પ્રસંગ સરળતાથી ઉકેલી જાય. એવી મોકળાશ મળે.

તેમના સાસુ કોઈ પ્રસંગે જાય ત્યારે જે કોઈ તેમને મળે એ કહે તમારી પુત્રવધૂ બહુ સારી રીતે મેકઅપ કરે છે અને વખાણ કરે આ વાત ઘરે આવીને કહે. એ જ રીતે તેમના મમ્મી-પપ્પાને પણ દીકરીના વખાણ કરે એની વાત ક્યારે ખુશી થાય કે અને મહેનત લેખે લાગે છે એવું ફીલ થાય.

આ વ્યવસાયમાં આગળ વધવાની ઉમ્મીદ છે અને પરિવાર તેમજ જ્ઞાતિનું નામ ઉજ્જવળ કરવાની એકમાત્ર નેમ ધરાવે છે. જ્ઞાતિજનો જો અગર જ્ઞાતિના જ ભાઈ બહેનને કામ આપે અને એ રીતે તેમને સપોર્ટ આપે તો નાના મોટા વેપારને ઉત્તેજન મળે અને ભવિષ્યમાં આગળ વિકાસ થાય માટે પોતાની જ્ઞાતિના વેપાર ... ઉત્તેજન મળે એ માટે જ્ઞાતિના કોઈ ભાઈ બહેન કામ આપી તેને પ્રોત્સાહન, ટેકો જરૂર આપવું જોઈએ એમ તેઓ અંતે જણાવે છે.









# તાડદેવ સંઘમાં ગુરૂદેવ ગણિવર્યો સાહેબોની પધરામણી

તાડદેવ સંઘમાં ગણિવર્ય પ.પૂ.ગુરૂદેવ શ્રી ઉદયરત્નસાગરજી મ.સા., ગણિવર્ય પ.પૂ.ગુરૂદેવ શ્રી ધર્મરત્નસાગરજી મ.સા., યુવામુનિ ઓજસ્વી યુવા પ્રવચનકાર પ.પૂ.ગુણવલ્લભજી સાગરજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી ભાવગુણશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો મંગલ પ્રવેશ થયો.

સંઘના ઉત્સાહી શ્રાવક શ્રાવિકાઓ પૂજ્ય સાહેબોનું ભવ્યતાથી સામૈયું કર્યું હતું.



# ૭૮મા પટ્ટધર અચલગચ્છાધિપતિ મ.સા.ને ૩૪મી સૂરિપદ તિથિ નિમિત્તે વંદના



તા.૨૭ ફેબ્રુઆરી રવિવાર વિક્રમ સંવત ૨૦૭૮ મહા વદ ૧૨ તિથિ એટલે ચરમ તીર્થાધિપતિ શ્રી મહાવીર સ્વામીની પંચમ ગણધર શ્રી સુધર્મા સ્વામિના ૭૮મા પટ્ટધર સાહિત્ય દિવાકર, સંઘ શાસન કૌશલ્યાધાર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૩૪મી સૂરિ પદ તિથિ. આ નો હરખ સંઘના પ્રત્યેક શ્રાવકજનને છે. પૂજ્ય સાહેબને આ નિમિત્તે અભિનંદન સાથે કોટિ કોટિ વંદન. મુંકે આંજો સાથ ખપે, સાહેબ આંજા આશીરવાધ ખપે.

# તેરા નગરના શ્રી ભલારાદાદા મંદિરની ધ્વજાને પહેડી ઉત્સવ આયોજન




અબડાસા પંથકના ઐતિહાસિક નગર તેરા નગરના શ્રી ભલારાદાદા મંદિરની નૂતન ધ્વજા વૈશાખ સુદ ૫ને ગુરૂવાર તા.૫ મે ૨૦૨૨ના દિવસે છે. એ મંગલ દિને ધ્વજાને પહેડી પ્રસંગે દાદાના સ્થાનકે પધારવા સર્વે ભાવિકોને હાર્દિક નિમંત્રણ છે. ધજા અને પહેડી પ્રસાદના દાતા લાભાર્થી બનવાનું સંપૂર્ણ લાભ લેવા ઈચ્છા ધરાવનાર ભાવિકોને પહેડીનો નકરો અંદાજિત રૂા.૬૦૦૦/- આવશે. જે માટે વહેલો તે પહેલોના ધોરણે નામ નોંધણી થશે.

દાદાના મંદિરમાં આ વરસે રંગકામ કરવાનું જરૂરી હોતા એના ખર્ચ માટે ભાવિકોને દાતા લાભાર્થી બનવાની ઈચ્છા હોય એમનું નામ બોર્ડ પર એક વરસ રાખવામાં આવશે. હીરાચંદ નાગડા, નરેન્દ્ર ખોના, શાંતિલાલ લોડાયા, દીપક સાયલા, અજીત લોડાયા, કાંતિલાલ નાગડાનો સંપર્ક કરવો.

# ૭૨ જિનાલય તીર્થે પદવીનો પ્રસંગ માટે આપની હાજરી એજ તૈયારી

૭૨ જિનાલય તીર્થે તા.૬ મે ૨૦૦૨૨ના પદવીનો પ્રસંગમાં આપની હાજરી એ જ તૈયારી શ્રી સંઘો મહાજનો, શ્રી સંઘના પદાધિકારીઓ, ગુરૂભક્ત પરિવારો, શિવમસ્તુ તીર્થના દાતાઓ સર્વે ચાહક વર્ગને છે ભાવથી આમંત્રણ.

આ સંદેશ ખાસ એ માટે જ છે કે આપની હાજરી શાસન-ગચ્છ ગુરૂની ગરિમા વધારશે અને એ માટે અગાઉથી ટિકીટ કઢાવવાનું અગાઉથી સમયસર કરી શકો. જેમને નામ, કામ અને પ્રવચનના પયગામથી પણ ઓળખીએ છીએ. એવા પ.પૂ.શ્રી પૂર્ણભદ્રસાગર મ.સા.ને ઉપાધ્યાય પદવીનો પ્રસંગ ખબર પત્રિકામાં કે વોટસએપ ગ્રુપમાં આ અંગે વિવિધ સંઘો સંસ્થાઓની શુભેચ્છા જાહેરાતો વાંચતા જ હશો. બસ, તા.૬ઠી મે ૨૦૨૨ શુક્રવારના શુકનવંતા દિવસે ૭૨ જિનાલય તીર્થે આપ સૌને હાજરી અવશ્ય અને જરૂરી બની રહેશે.

# પ.પૂ.મુનિવર શ્રી પૂર્ણભદ્ર મહારાજ સાહેબને ઉપાધ્યાય પદવી માટે દેઢિયા ગામે વધામણા આપયા

અચલગચ્છ સંઘ અને કચ્છી સમાજના લાડીલા હૃદય સમ્રાટ દેઢિયા રત્ન ગુરૂદેવ શ્રી ગુણસાગરસૂરિ મહારાજની જન્મભૂમિ દેઢિયા ગામના શ્રી આદિનાથ જિનાલયની આઠમી સાલગિરાહ પ્રસંગ પધારેલ શિવમસ્તુ તીર્થના પ્રેરક પ્રણેતા પ્રવચન પ્રભાવક પ.પૂ.પૂર્ણભદ્રસાગરજી મ.સા.ને અર્પણ થનાર ઉપાધ્યાય પદવી અંગે દેઢિયા જૈન મહાજને સેંકડો લોકોની ખુશીના માહોલ વચ્ચે તાળીઓના ગડગડાટ સાથે સંગીતની સુરાવલીઓ વચ્ચે વધામણા કર્યા હતા અને એવી ભાવના વ્યક્ત કરી હતી કે પ.પૂ.મસાની આચાર્ય પદવીનો પ્રસંગ આવે ત્યારે પદપ્રદાનનો લાભ દેઢિયા ગામને આંગણે મળવો જોઈએ. શાસન રત્ન નરેન્દ્રભાઈ નંદુએ મહાજનશ્રીની ભાવનાની અનુમોદના કરી હતી.

# સખીવૃંદ મહિલા મંડળ પુના દ્વારા સાતત્ય ના તુટે તેવી પરંપરા પુસ્તકનું લોકાર્પણ




કોરોનાએ માણસોની આખી જીવનશૈલી બદલી નાખી છે. માણસો આગળ ભણાય પાછળ ભુલાય એવી પરિસ્થિતિમાં મુકાઈ ગયા છે અને આપણી પરંપરા અને રીત રીવાજો પણ સમયે સમયે બદલાતા જાય છે અને તે બદલાતા બદલાતા એક એવો સમય પણ આવી ગયો એ કદાચ વિસરાય પણ જાય એ વાતને ધ્યાનમાં લઈ સખીવૃંદ મહિલા મંડળ પૂના દ્વારા **સાતત્ય ના તુટે તેવી પરંપરા** એ પુસ્તક બહાર પાડવાનું નક્કી કર્યું અને આ પુસ્તકમાં આપણા વડિલોશ્રી દ્વારા માહિતીઓ મેળવી અને સુવ્યવસ્થિત જન્મથી કરી અને મરણ સુધીનું અર્થગઠન સાથેનું એક સરસ પુસ્તક પુષ્પાબેન માણેકજી લોડાયા અને લતાબેન દિનેશ મોમાયાના પ્રયાસથી તેમજ કલ્પનાબેન દુષ્યંત લાપસીયાની આગેવાની હેઠળ બનાવવામાં આવ્યું અને તેનું લોકાર્પણ શુક્રવાર તા.૪ માર્ચ ૨૦૨૨ના રોજ ઝુમ એપ દ્વારા વર્ચ્યુઅલ પદ્ધતિથી તરૂણભાઈ રતનશી લોડાયા, મીનલ ભરત ખોના, જીવનબેન નાગડાના હસ્તે કરવામાં આવ્યું હતું.







# સખીવૃંદ મહિલા મંડળ પુના દ્વારા સાતત્ય ના તુટે તેવી પરંપરા પુસ્તકનું લોકાર્પણ









કાર્યક્રમની શરૂઆત કાશ્મીરાબેન દિનેશ લોડાયાએ નવકાર મંત્રનું પઠનથી કરી હતી. કાર્યક્રમને આગળ વધારતા કોમલબેનએ પધારેલ સર્વ મહાનુભવો અને અતિથિઓનું સ્વાગત કરી હતું. ૨૯ વર્ષના મંડળના ઈતિહાસની ઝાંખી આપી હતી ત્યારબાદ પ્રેસિડન્ટ મીતાબેન પ્રશાંત લાલકા એ પ્રાસંગિક પ્રવચન આપી સૌનો આવકાર આપ્યો હતો. ત્યારબાદ કલ્પનાબેન દુષ્યંત લાપસીયાએ સાહિત્યિક પુસ્તકની સફર કરાવી હતી. આ કાર્યક્રમમાં હાજર રહેલ સર્વ મહાનુભાવોનું પરિચય કોમલબેન, કલ્પનાબેન, લેખાબેન, સોનલબેન અને ચાંદનીબેન એ આપ્યું હતું.

મુખ્ય અતિથિ તરૂણભાઈએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે પુના સખીવૃંદ મહિલા મંડળ આવા કાર્યો કરતી રહે અને જરૂર પડે તો પ્રિન્ટ રૂપે પણ જાય. મિનલબેન એ જણાવ્યું હતું કે સમય બદલતો જાય છે તેમ આપણી પરંપરા પણ વિસરાતી જાય છે માટે આ પુસ્તક ખરેખર યુવાનો માટે મદદરૂપ સાબિત થશે. ત્યારબાદ જીવનબેને પણ કહ્યું હતું કે આ પુસ્તકની મહત્તા આગળ જતા વધશે. અતિથિ વિશેષ જયંતભાઈ, ચંદ્રિકાબેન, મનોજભાઈ, મનિશભાઈ અને મીત મૈશરી પણ આ કાર્યને બિરદાવ્યો હતો. અંતમાં કલ્પનાબેન લાપસીયાએ આભારવિધિ કરી હતી.











# શત્રુંજય અકેડેમી આયોજિત ઘર બેઠા ઓપન બુક એક્ઝામ

તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.ના સુર્વણ વરસીતપ પ્રસંગે પ્રકાશિત 'મૃત્યુ બને મહોત્સવ' પુસ્તક આધારિત Open Book Exam નું આયોજન કરાયું છે. વહેલો તે પહેલોના ધોરણે નીચેના સરનામે પુસ્તક પ્રશ્ન પત્ર અને ઉતરપત્રક મેળવી લેવા વિનંતી. રૂા.૧૦૦ ભરીને નામ લખાવી આજે જ પુસ્તક મેળવી લેવું.

પ્રારંભ તા.૧ માર્ચ ૨૦૨૨. ઉત્તરપત્રક પરત કરવાની અંતિમ તા.૧ જૂન ૨૦૨૨, પુસ્તક મેળવવાનું સરનામું ૧) સુશ્રાવિકા લતાબેન લહેરચંદ વીકમશી, ૨/૩૯, અનંત નિવાસ, ભાત બજાર, ૨૬૨/૭૦, નરશીનાથા સ્ટ્રીટ, મસ્જિદ બંદર, મુંબઈ-૯ મો.ન.૯૩૨૩૯૪૪૧૧૭ ૨) અ.સૌ.મનિષાબેન હરીશ ખોના, ૧૦૬, અનંતછાયા, ૬૦ ફીટ રોડ, આર.બી.મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), મું-૭૭ મો.નં.૯૬૬૪૭૯૮૩૯૮ ૩) અ.સૌ.દીપલબેન ખુશાલ, વીરા, બી-૪૦૧, શ્રી સિધ્ધિ પ્લાઝા સોસાયટી, આર.આર.ટી.રોડ, ઓમ જ્વેલર્સની પાછળ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦ મો.નં.૯૯૩૦૯૮૦૩૯૯

# હોળી વિક એન્ડ માટે યંગ બ્રિગેડ દ્વારા લોનાવાલા ટ્રીપનું આયોજન




તા.૧૮ થી ૨૦ માર્ચ વિક એન્ડના હોળી ઉજવવા લોનાવાલા ટ્રીપનું આયોજન કરાયું છે. ૧૮ થી ૩૨ વય ગ્રુપના પ્રતિ વ્યક્તિ રૂા.૧૫૫૦ ભરી નામ નોંધાવી લેવા. સેરેનિટી રિસોર્ટ લોનાવાલામાં હોળી ધૂળેટીનો રંગ આનંદ મોજ મસ્તી માણી વિતાવવાની તક સહયોગ શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ રજિસ્ટ્રેશન માટેની અંતિમ તા.૧૦ માર્ચ ૨૦૨૨.

પેમેન્ટ તથા વધુ વિગત માટે કાર્તિક-૯૯૨૦૨૯૩૩૨૭, રાહુલ-૮૮૭૯૩૪૧૮૮૯ તથા હેમિલ-૯૮૧૯૯૮૫૩૩૯નો સંપર્ક કરવો.

# સાંગલીના સુપાર્શ્વનાથ દાદા જિનાલયની ૫મી ધ્વજારોહણ સાનંદ સંપન્ન








સાંગલી સંઘમાં સુપાર્શ્વનાથ દાદા જિનાલયનો ૫મો ધ્વજામહોત્સવ મહાવદ ૧૧ને તા.૨૫ ફેબ્રુઆરી શનિવાર દિને પ.પૂ. સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં સાનંદ સંપન્ન થયો. સંઘના શ્રાવક શ્રાવિકાઓની ભવ્ય ઉપસ્થિતિમાં વિવિધ ધર્મ આરાધનાઓ સંપન્ન થઈ હતી.

# ઓનલાઈન માઈનોરીટી સર્ટિફિકેટ માટે કદઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા વ્યવસ્થા કરાઈ

**MINORITY CERTIFICATE**

KDO

Dear KDO Members,

From now on, Minority Certificate for School / College admission will be available online too. Kindly click on the given link below to fill the form.

Certificate will be issued on your E-mail address as given in the form field. Kindly please fill the details carefully.

Please note:
KDO members residing in Mumbai Mahajan Region will be issued certificate only if the 'Lagas' are fully paid.

Minority form link Click Here
**https://cert.kdomahajanmumbai.org**

For any assistance Contact
Mumbai Mahajan Office
**Mob.: +91 98927 41414 • Off: 022 2344 8274**

Kind Regards
Jayesh Vijay Momaya
IT Convener

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
SHRI KUTCHI DASHA OSWAL JAIN GNATI MAHAJAN, MUMBAI
(Registered under Bombay Public Trust Act, 1950, Reg. No. A-1798 (BOM) Dated 25-6-1953)
Shri Anantnathji Maharaj Jain Derasarji, 302/306, Narshi Natha Street, Shree Anantnathji Chowk, Mumbai - 400 009.
Tel.: 2344 8274 • Mob.: 98927 41414 • Email : kdomumbaimahajan14@gmail.com
શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી, ૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક, મુંબઈ-૪૦૦ ૦૦૯. • ફોનઃ ૨૩૪૪ ૮૨૭૪

શાળા કોલેજ પ્રવેશ માટે જરૂરી એવું માઈનોરીટી સર્ટિફિકેટ ઓનલાઈન અરજી મોકલાવી મેળવવાની વ્યવસ્થા શ્રી કદઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા કરાઈ છે. જે માટે ફોર્મ લિન્ક https://cert.kdomahajanmumbai.org ઉપર ક્લિક કરી ફોર્મ ભરી મોકલવું. માયનોરિટી સર્ટિફિકેટ ફોર્મ ભરનારના ઈમેઈલ ઉપર મોકલી અપાશે.

મહાજનના લાગા ભરી દીધેલ અને મુંબઈ મહાજનના વિસ્તારના હદમાં રહેતા જ્ઞાતિજનો ફોર્મ ભરવાને પાત્ર છે અને માઈનોરીટી સર્ટિફિકેટ મેળવવાને પાત્ર છે.

વધુ વિગત માટે સંપર્ક મુંબઈ મહાજન ઓફીસ મો.નં.૯૮૯૨૭૪૧૪૧૪/૦૨૨-૨૩૪૪૮૨૭૪ આ મુજબનું સૂચના આઈટી કન્વીનર જયેશ વી. મોમાયા દ્વારા અપાઈ છે.

# દક્ષિણ મુંબઈ ગોવા લિયા ટેન્ક બન્યું પાવન જ્યાં ગુરૂદેવ પધાર્યા મન ભાવન

દક્ષિણ મુંબઈ વાસીઓના દિલમાં વસેલા જણ જણના પ્યારા પરમ ઉપકારી ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. આદિ ઠાણા ૪ એવં સાધ્વીજી ભગવંત ઠાણા ૫ પધાર્યા તેમનું ભવ્ય સામૈયું થયું.

ગુરૂ ભગવંતોના પ્રવેશ સમયે સંઘ શ્રેષ્ઠી તેજરાજજી તારાચંદજી દોશી મંડારવાલા, પીયૂષ વશનજી સાવલા, દુર્ગાપુરવાળા, દીપક રવજીભાઈ વોરા નવીનાર, અશોક ભાઈ ધરોડ પત્રી, અરવિંદભાઈ હરિયા હાલાપર, વિપુલભાઈ ગાલા દેવપુર, એવમં સમગ્ર ટીમ સાથે ગ્વાલિયા ટેક જૈન સંઘના ગણમાન્ય શ્રાવક શ્રાવિકાઓની ઉપસ્થિતિ હતી.

ગુરૂ દેવનું સામૈયું મયૂરભાઈ, જયેશભાઈ એવં નિલેશભાઈ કુંવરજી ઠાકરશી છેડા જૈનમ પરિવાર તલવાણાવાળાના ઘરથી ચતુર્વિધ સંઘએ હર્ષ ઉલ્હાસ ભેર કર્યું.

# સુથરી તીર્થે શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ જિનાલયની ૧૮૪મી ધ્વજારોહણ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવનું સસ્નેહ નિમંત્રણ

જંબુદ્વીપે, દક્ષિણ ભરત ક્ષેત્રે આર્ય ખંડે, ભારતદેશે ગુજરાત રાજ્યે, કચ્છપ્રાંતે અબડાસા પ્રદેસે સુથરી (સોનથરી) તીર્થાધિપતિ શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ જિનાલયની ૧૮૪મી ધ્વજારોહણ પ્રસંગે તા.૬ મે શુક્રવારથી તા.૮ મે રવિવાર સુધી ત્રિહાન્હિકા મહોત્સવ પ્રસંગે ગામવાસીઓ, નિયાણી બહેનો શુભચિંતકો, સાજન માજન સહુને પધારવા શ્રી સુથરી જૈન સંઘ વતી ટ્રસ્ટીગણ તથા વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યો દ્વારા અપાયું છે. આગમનની આગોતરી જાણ તેમજ ધ્વજારોહણ વિધિ લાભ માટે શ્રી સંઘની પેઢી ઉપર જિજ્ઞેશભાઈ છેડા-૯૭૨૬૨૧૩૮૨૭ ઉપર સંપર્ક કરવા વિનંતી. મહોત્સવ કોરોનાની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સરકારી આદેશ અનુસાર યોજવામાં આવશે.

શુભનિશ્રા પ્રદાન મધુર કંઠી, પ.પૂ.શ્રી મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી મહાયસાશ્રીજી મ.સા., વિધિકાર શ્રી કેવલભાઈ સાવલા, સંગીતકાર કિશોરભાઈ સંઘાર અને સાથી કલાકારો.

કાર્યક્રમ રૂપરેખા શુક્રવાર તા.૬મે શ્રી પાર્શ્વકલ્યાણક પૂજા, ભક્તિ ભાવના, દાંડિયા રાસ તા.૭ મે શનિવાર ૧૮ અભિષેક, ભક્તિ ભાવના, દાંડીયા રાસ રવિવાર તા.૮ મે ના દિને સતરભેદી પૂજા, શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદા જિનાલયની ૧૮૪મી ધ્વજારોહણ દરેક ગંભારા શિખરોની ધ્વજારોહણ વિધાન.

કાયમી ધ્વજારોહણના લાભાર્થી પરિવાર શ્રી પોપટલાલ સાકરચંદ પરિવાર. ૧૮૪મી ધ્વજારોહ ત્રિહાન્હિકા મહોત્સવ પધારનાર ભાગ્યશાળી પરિવારોને રેલ્વે સેકન્ડ સ્લીપર ક્લાસ ટિકીટના લાભાર્થી પરિવાર માતુશ્રી હીરાબાઈ હંસરાજ મોમાયા પરિવાર. શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાના ૧૮ અભિષેક કરાવવાનો આદેશ તા.૬ મે ના રોજ રાત્રી ભાવના દરમ્યાન અપાશે. અભિષેકના નકરા માટે એકથી વધારે ભાગ્યશાળીઓ હશે તો ગંભારાની ધૃત ઉછામણી કરવામાં આવશે.

તા.૯ મે સોમવારના શ્રી ભલારાદાદા સ્થાનક પીર ફળિયા સુથરી સ્થાનકે ૬ઠી ધ્વજારોહણ ઉજવવામાં આવશે.

# યવતમાલમાં આયંબિલ ઓળીના લાભાર્થી બનવા માટેની જાહેરાત

પ્રતિવર્ષ પ્રમાણે આ વર્ષે ચૈત્ર માસ નવપદ આયંબિલ ઓળીનું આયોજન પ્રારંભ તા.૮ એપ્રિલથી યવતમાલના શ્રી સુમતિનાથ જિનાલય કેસરિયા ભવન પરિસરમાં કરાશે. જે કોઈની ઓળીની લાભાર્થી બનવાની ભાવના હોય તેમણે કેસરિયા ભવન સ્થિત પેઢીમાં પોતાનું નામ તા.૧૩ માર્ચ ૨૦૨૨ સુધી નોંધાવી છે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**કબીબેન જીવાણી**
તા.૨૬ ફેબ્રુ. (ઉ.૮૬)
જખૌ-ડોંબિવલી



**શાંતિલાલ લોડાયા**
તા.૨૬ ફેબ્રુ. (ઉ.૮૦)
મોટી ખાવડી



**રાજેશ દંડ**
તા.૨૭ ફેબ્રુ. (ઉ.૫૨)
લુણી-ડોંબિવલી



**માનસી મોતા**
તા.૧ માર્ચ (ઉ.૨૪)
રાપરગઢવારી-સાંગલી



**ચંદ્રકાંત મૈશેરી**
તા.૫ માર્ચ (ઉ.૭૧)
જખૌ-હૈદ્રાબાદ



**પાનબાઈ લોડાયા**
તા.૩ માર્ચ (ઉ.૯૦)
દલતુંગી-વડાલા



**લલિત ધરમશી**
તા.૪ માર્ચ (ઉ.૭૩)
સાંધાણ-સોલાપુર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂણી'

● દિલ્હીમાં ૨૬ જાન્યુઆરીના ગણતંત્ર દિનની રાજપથ પર યોજાયેલી પરેડમાં છ ગુજરાત નેવલ એન સી સી ગાંધીધામના કેડેટ કેપ્ટન  ચેતન ગઢવીની પસંદગી કરાઈ હતી. અબડાસાના સિંધોડી ગામનો યુવાન ચેતન પ્રતાપ ગઢવી તા.૨૮મી એ દિલ્હીમાં એનસીસીની પ્રધાનમંત્રી પરેડમાં ગુજરાતનું નેતૃત્વ કર્યું હતું. આ પરેડમાં ભારત ઉપરાંત ૧૨ દેશના પ્રતિનિધિ ભાગ લીધો હતો. રાજપથ પર ૧૨ કિ.મી. લાંબી પરેડમાં આશરે પાંચ કિલોની રાયફલ સાથે ભાગ લેવાનો હોય છે. જેના માટે પરેડ પહેલા ૨૫ દિવસ અગાઉથી રોજ ૨૦ કિ.મી.ની પ્રેક્ટીસ કરવાની હોય છે. આ પસંદગીની પ્રક્રિયામાં જોડાવવા પહેલો કેમ્પ ગાંધીધામમાં થયો. ત્યાં ૧૦ જણ પસંદ થઈ વેરાવળ ગયા. ત્યાંથી પાંચને જામનગર મોકલાયા ત્યાં ત્રણને પસંદ કરી અમદાવાદ ખાતે બે કેમ્પમાં ભાગ લઈ ફાઈનલ એક જણને તક મળી એ કચ્છી નેવલ કેડેટ કેપ્ટન ચેતન ગઢવી હતો.

● ધમ્મ સિંધુ બાડા વિપશ્યના કેન્દ્રના પાયાના પથ્થર અને કેન્દ્રીય આચાર્ય ડૉ.ભીમશીભાઈ ગાંગજી સાવલા (અક્કા)નું ૯૪ વર્ષની ઉંમરે અમદાવાદ ખાતે નિધન થયું. એમ.બી.બી.એસ.ની ડિગ્રી બાદ બાળ રોગ નિષ્ણાત તરીકે ૧૦ વર્ષ સુધી કામ કર્યા બાદ કચ્છના નેચરક્યોર કુદરતી ઉપચારનો પાયો નાખીને નેચર ક્યોર તજજ્ઞ તરીકે એલોપથીની પ્રેક્ટિસ છોડી દઈ કુદરતી ઉપચાર પધ્ધતિનો પ્રસાર-પ્રચાર ૧૦ વર્ષ સુધી કર્યો અને ૧૯૭૨માં વિપશ્યનામાં જોડાયા અને સમગ્ર દેશમાં વિપશ્યના ગુરૂ તરીકે ઓળખાયા. ૧૯૮૧માં શ્રી ગોયેન્કાજીએ આઠ સહાયક આચાર્યની નિમણુંક કરી તે પૈકી ડૉ.સાવલા એક હતા. બાડા કેન્દ્રની તમામ ગતિવિધિ અને મેનેજમેન્ટ પણ તેઓ સંભાળતા અને વિપશ્યાના સિનિયર સાધકોના પ્રશ્નો પણ ઉકેલતા હતા.

● કચ્છની સીમાએ ફરજ બજાવતા સીમા સુરક્ષા દળના જવાનોને સ્થાનિક કચ્છના લોકોની કચ્છી બોલીમાં કોઈ તકલીફ ન પડે એ માટે કચ્છી ભાષાની તાલીમ આપવાનું આયોજન ગોઠવવાની તૈયારીઓ ચાલી રહી છે. કચ્છી ભાષા જો સુરક્ષા જવાનોને થોડી ઘણી આવડી જાય તો ખૂબ જ ઉપયોગી થશે તેવું સુરક્ષા દળના કમાન્ડન્ટ મનીષ રંજને ભુજ ખાતે ૧૦૨ બટાલિયનના જવાનોને હિન્દી કચ્છી-ભાષા શબ્દકોશની તૈયાર થયેલી કચ્છી હિંદી પાઠાવલિની સરલ પુસ્તિકા અર્પણ કરતા કરી હતી.

● અંજાર સ્થિત વેલસ્પન ઈન્ડિયા લિમિટેડ હોમ ટેક્સટાઈલના વૈશ્વિક અગ્રણીને તાજેતરમાં જલશક્તિ મંત્રાલય જળ સંશોધન વિભાગ નદી વિકાસ અને ગંગા કાયાકલ્પ દ્વારા જાહેર કરાયેલા રાષ્ટ્રીય જળ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ. વેલસ્પન ઈન્ડિયા એ શ્રેષ્ઠ ઉદ્યોગ કેટેગરીમાં પ્રથમ પુરસ્કાર જીત્યું હતું. દુષ્કાળગ્રસ્ત કચ્છમાં વેલસ્પનના અત્યાધુનિક સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં કરવામાં આવેલી સામાજિક અને પર્યાવરણીય અસરને કારણે આ માન્યતા મળી છે. સ્થાપિત થયેલા ૪૦ એમ.એલ.ડી.સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ શહેરી ગંદા પાણીને ઔદ્યોગિક ઉપયોગ માટે ઉચ્ચ ગુણવતાવાળા સ્વચ્છ પાણી તરીકે પુનઃઉપયોગ કરવા માટે નવીનતમ વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. અંજારમાં તેના ઉત્પાદન એકમમાં ઔદ્યોગિક એપ્લિકેશનો માટે શૂન્ય તાજાપાણીનો વપરાશ હાંસલ કરવામાં મદદ મળી હતી.

● યુથ હોસ્ટેલ એસોસિએટ આયોજિત શિયાળુ ટ્રેકીંગ ઉત્તરાખંડ-કેદાર કંઠાના ટ્રેકીંગમાં ભુજ, માધાપર સહિત કચ્છના નવ જણ ઉપરાંત ભારતભરમાંથી ૩૮ યુવાન ટ્રેકરોએ ભાગ લીધો હતો. ભુજ માધાપરના છ યુવકોએ ૧૨૫૦૦ ફૂટની ઊંચાઈ પાર કરી ત્યાં ભારતનો રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો ત્યાં બરફાછાદિત પ્રદેશમાં માઈનસ ૧૩ ડિગ્રી ઠંડી હતી.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com



DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI
98211 37737
DEEPAK KARANI
98210 82664
DEEPAK MOMAYA
93233 44737
KALPESH LODAYA
93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA